# સે-૭ના શ્યામજીકૃષ્ણ વર્મા સોસાયટીના મકાનોમાં નવ બિન અધિકૃત કબજેદારો

**તંત્રની ટીમે આજે સવારે અચાનક જ તપાસ કરી ૯ મકાનોમાં બિન અધિકૃત કબજેદારોને મકાન ખાલી કરાવવા માટે કાર્યવાહી હાથ ધરી : સેકટરોમાં હાલ આવાસોના મામલે સર્વે ચાલુ : તંત્રની ૧૨ ટીમો કામે લાગી**

ગાંધીનગર તા ૧૧

શહેરમાં સરકારી આવાસો બિન અધિકૃત કબજેદારોની ચુંગાલમાં હોવાનુ ધ્યાને આવ્યુ છે. બિન અધિકૃત કબજેદારોનો તાગ મેળવવા માટે તંત્રએ સર્વે હાથ ધર્યો છે. જયારે આજે સે-૭ સ્થિત શ્યામજી કૃષ્ણા સોસાયટીમાં ચ કક્ષાના ૯ જેટલા આવાસોમાં બિન અધિકૃત કબજેદારો હોવાનુ સ્પષ્ટ થયુ હતુ. આ મકાનોમાં મુળ કબજેદારની જગ્યાએ અન્ય પરિવારોનો વસવાટ હોવાનુ સામે આવ્યુ હતુ. તંત્રએ આ જગ્યાએ અચાનક જ તપાસ હાથ ધરી હતી જેના અંતે આ બિન અધિકૃત કબજેદારોને નોટીસ આપી આગામી સપ્તાહમાં મકાન ખાલી કરી દેવા માટે પણ સુચના આપી છે. સેકટરોમાં સ્થિત સરકારી આવાસોમાં પેટા ભાડુઆતો રહેતા હોવાની ફરિયાદો વધી છે. ત્યારે આ મામલે તંત્ર પણ હવે હરકતમાં આવ્યુ છે.

શહેરમાં રહેણાંકને લાયક સરકારી આવાસોની સંખ્યા નહીંવત છે. જુના અને જર્જરિત આવાસો તબક્કાવાર તોડવામાં આવી રહ્યા છે. જયારે સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના સરકારી આવાસોમાં બિન અધિકૃત કબજેદારોની સંખ્યા પણ વિશેષ છે. આવા સંજોગોમાં શહેરમાં નવ નિર્મિત સરકારી આવાસો પણ બિન અધિકૃત કબજેદારોની ચુંગાલમાં છે. શહેરના આવાસોને ગેરકાયદેસર કબજામાંથી મુક્ત કરાવવા માટે તંત્ર દ્વારા છેલ્લા કેટલાક સમયથી સર્વે હાથ ધરાયો છે. આ દરમિયાન આજે તંત્રની ટીમે સે-૭ ના શ્યામજી કૃષ્ણા કોલોનીમાં રેઈડ કરી હતી. જેના અંતે શ્યામજી કૃષ્ણા સોસાયટીમાં ચ કક્ષાના સાત આવાસોમાં બિન અધિકૃત કબજેદારો હોવાનુ સ્પષ્ટ થયુ હતુ. આ સાતેય મકાનોમાં મુળ કબજેદાર રહેતા ન હતા જયારે તપાસ દરમિયાન તેમના સંબંધી કે પરિચિતના પરિવારજનોનો બિન અધિકૃત વસવાટ હોવાનુ સ્પષ્ટ થયુ હતુ. આ દરમિયાન તંત્રની ટીમે સ્થળ પર સ્થિતિનુ પંચનામુ કરીને બિન અધિકૃત કબજેદરોને નોટીસ આપી હતી. જયારે આગામી એક સપ્તાહમાં આવાસ ખાલી કરી દેવા માટે પણ સુચના આપવામાં આવી હતી. ગાંધીનગરના સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના સરકારી આવાસોમાં બિન અધિકૃત કબજેદારોની સંખ્યા વિશેષ છે. જેને અનુલક્ષી તંત્ર દ્વારા છેલ્લા કેટલાક સમયથી સર્વેની પ્રક્રીયા પણ હાથ ધરવામાં આવી હતી. જયારે સર્વે દરમિયાન સેકટરોમાં ઘણાં ઠેકાણે આવાસોમાં મુળ કબજેદારના સ્થાને અન્ય વસવાટ કરતા હોવાનુ સ્પષ્ટ થયુ છે. શહેરમાં જુના આવાસોની સાથે નવી ટાવર કોલોની પણ હવે બિન અધિકૃત કબજેદરોની ચુંગાલમાં આવતી જાય છે. એકબાજુ સરકારી કર્મચારીઓને આવાસ મળી રહે તે માટે સરકાર કરોડો રૂપિયાનો ખર્ચ કરીને નવા મકાનો બાંધવા માટે આયોજન કરે છે ત્યારે બીજીતરફ કર્મચારીઓ તેમના આવાસ અન્યને સોંપી પેટાભાડુઆતો ઉભા કરતા હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. આગામી દિવસોમાં પણ સર્વેના અંતે બિન અધિકૃત મકાનો ખાલી કરાવાશે આ માટે તંત્રએ ૧૨ જેટલી ટીમો કામે લગાડી છે.

## પેટાભાડુઆતોની સાથે ખુરશી કૌભાંડ પણ પ્રકાશમાં આવ્યુ



સે-૭ માં શ્યામજી કૃષ્ણા વર્મા સોસાયટીમાં તંત્રની તપાસ દરમિયાન ૯ મકાનોમાં પેટાભાડુઆતો રહેતા હોવાનુ ધ્યાને આવ્યુ હતુ જયારે આ પૈકી એક સરકારી મકાનમાં કોર્પોરેશનની ખુરશીઓનો ઢગલો પણ જોવા મળ્યો હતો. ત્યારે આ મકાન કોને ફાળવવામાં આવ્યુ અને કોણે અહીં ખુરશીઓનો ખડકલો કર્યો હશે તે અંગે પણ સવાલો મંડરાયા છે. પ્રજાના પૈસે ખરીદાયેલી ૧૦૦ જેટલી ખુરશીઓ પેટાભાડુઆતના મકાનમાં મળતા કોર્પોરેશનના ભ્રષ્ટ વહીવટનો ચિતાર પણ પેટાભાડુઆતોની સાથે છતો થયો હતો. પેટા ભાડુઆતોની સાથે ખુરશી કૌભાંડ પણ પ્રકાશમાં આવ્યુ છે. ત્યારે આ મામલે પણ યોગ્ય તપાસ થાય તે જરૂરી છે.

# શહેરમાં ૭૦ દિવસ બાદ આજથી સીટી બસો દોડશે

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર શહેરમાં ૭૦ દિવસ બાદ આજથી પુનઃ સીટી બસ સેવાનું સંચાલન ૬૦ ટકા કેપીસીટી સાથે શરૂ કરવામાં આવશે.

અમદાવાદ શહેરમાં બી.આર.ટી.એસ. અને એ.એમ.ટી.એસ. બસોના સંચાલનની આપેલી મંજૂરી બાદ રાજ્ય સરકારે હવે ગાંધીનગર શહેરમાં પણ સીટી બસોની સેવાઓ પુનઃ ચાલુ કરવાની મંજૂરી આપી છે.

આજે મનપા દ્વારા આ સીટી બસના સંચાલકોને તે અંગેની વિધિવત્ જાણ કરી દેવામાં આવી છે. બધા જ રૂટો પર સીટીંગ કેપીસીટીના ૬૦ ટકા પેસેન્જરો સાથે સંચાલન કરવાનું રહેશે. શહેરમાં સીટી બસોનું સંચાલન આજથી શરૂ થતાં શહેર પુનઃ ધબકતુ થશે.

સીટી બસો શહેરના આંતરિક માર્ગો તેમજ શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારોને સાંકળી અને આસપાસના વિસ્તારોને પણ સાંકળી આ સંચાલન શરૂ કરશે. ૮૦ થી વધુ ટ્રીપોનું સંચાલન શરૂ થતાં શહેરના માર્ગો પર પુનઃ ટ્રાફિક ધમધમતો થશે.

શહેરમાં સીટી બસોનું સંચાલન રાત્રિના ૮ સુધી જ કરી શકાશે તેમ મનપાના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

કોરોનાની કપરી સ્થિતિમાં સીટી બસોનું સંચાલન બંધ કરી દેવામાં આવ્યુ હતુ. ૭૦ દિવસ બાદ પુનઃ હવે તે ચાલુ કરવામાં આવશે.

# જીલ્લામાં કોરોનાના નવા કેસોમાં વધ-ઘટ : વધુ ૧૨ કેસ

**ચારેય તાલુકામાં બે-બે કેસ : બે કેસ અર્બનમાં તો બે ગ્રામ્યમાં : સે. ૨, કુડાસણમાં બે-બે કેસ સહિત ૮ કેસ નોંધાયા**

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર જિલ્લામાં ગઈકાલે કોરોનાના કેસોની સંખ્યા ૧૦થી નીચે ગયા બાદ આજે તેમાં વધારો જોવા મળ્યો છે. જિલ્લામાં આજે ૧૨ કેસ નોંધાયા છે. જિલ્લામાં કોરોનાના કેસોની થઈ રહેલી વધઘટનો લઈ તંત્રને ચિંતાઓ ઓછી જરૂર થઈ છે પણ તે ઘટવાનું નામ લેતી નથી.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૪ અને શહેરમાં ૮ કેસ નોંધાયા છે. ચારેય તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં આજે એક-એક કેસ નોંધાયો છે. આજે નોંધાયેલા ૪ કેસમાં એક શ્રમિક, એક ખેડૂત, એક ગૃહીણી અને ખાનગી કંપનીના નોકરિયાતનો સમાવેશ થાય છે. આજે નોંધાયેલ તમામ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

દહેગામ અર્બન અને કલોલ અર્બનમાંથી આજે એક-એક કેસ મળી આવેલ છે.

ગાંધીનગર તાલુકાના ચેકલારાણી ગામેથી તેમજ માણસાના પડુસ્મા ગામેથી આજે એક-એક કેસ મળી આવેલ છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ ૬ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે અત્યાર સુધીમાં ૯૪૮૬ લોકો કોરોનામુક્ત થયા છે.

**ગાંધીનગર શહેરમાં કોરોનાના આજે વધુ ૮ કેસ મળી આવેલ છે. જેમાં બે મહિલા દર્દી તેમજ ૨૦ વર્ષથી ઓછી વય ધરાવતા એક કિશોરનો સમાવેશ થાય છે**

ગ્રામ્ય વિસ્તારમાં આજે ૨૫૩ લોકો એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે જ્યારે ૬૩૯ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

ગાંધીનગર શહેરમાં કોરોનાના આજે વધુ ૮ કેસ મળી આવેલ છે. જેમાં બે મહિલા દર્દી તેમજ ૨૦ વર્ષથી ઓછી વય ધરાવતા એક કિશોરનો સમાવેશ થાય છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં સે. ૨ અને કુડાસણમાંથી ૨-૨ કેસ તેમજ સે. ૩, ૧૩, ૩-એ-ન્યુ, ઈન્દ્રોડા ગામેથી કેસો મળી આવેલ છે.

શહેરમાં સંવેદનશીલ બનેલા વિસ્તારોમાંથી તેમજ ગ્રામ્ય વિસ્તારમાંથી છુટાછવાયા કેસો મળી રહ્યા હોવાથી તંત્રની ચિંતા વધી છે. શહેરમાં રિકવરી રેટ ૯૬ ટકાને પાર કરી ગયો હોવાનો દાવો કરતાં તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે આજે વધુ ૧૨ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં આજે ૭૫ થી વધુ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે.

# રહેણાંકમાં હોસ્પિટલોને કેમ મંજૂરી અપાય છે : હાઈકોર્ટ

**ફાયરસેફ્ટીના મુદ્દે સરકારનો ઉધડો લેતી હાઈકોર્ટ : રાજ્યમાં ફાયર એનઓસી, બિયુ પરમીશન અંગે સચોટ પોલિસી બનાવવા એએમસી અને રાજ્ય સરકારને નિર્દેશ**

અમદાવાદ, તા. ૧૧

રાજ્યમાં ફાયર સેફ્ટીના મામલે હાઈકોર્ટમાં સુનાવણી ચાલી રહી છે. કોરોનાકાળમાં સરકારી અનેક મામલે બેદરકારી લઈને ઝાટકણી કાઢી હતી. ગત બે મહિનામાં સુનાવણી વખતે હાઈકોર્ટે સરકાર ટકોર પણ કરી છે. જેમાં ફાયર સેફ્ટીનો મુદ્દો પણ છે. ત્યારે આખરે સરકાર ઊંઘમાંથી જાગી છે. ફાયર સેફ્ટી અંગે સરકાર એક્શનમાં આવી છે.

અરજદાર વકીલે કહ્યું હતું કે રાજ્યમાં હજુ પણ બહુમાળી ઈમારતો ફાયર સેફ્ટી વિના ધમધમી રહી છે. સ્કૂલ, કોલેજો અને સ્પેશિયલ બિલ્ડીંગો સહિત ઈંડસ્ટ્રીઝમાં ફાયર સેફ્ટીનો અભાવ જોવા મળી રહ્યો છે.

ત્યારે સરકારે ફાયર સેફ્ટીને લઈને સરકારે જવાબ રજૂ કરતાં કહ્યું હતું કે સ્કૂલ કોલેજોમાં ફાયર સેફ્ટીને લઈને ગંભીર પગલાં ભરી રહ્યા છીએ. ફાયર સેફ્ટી મળી રહે તે માટે કામગીરી કરી રહ્યા છે. જ્યાં ફાયર સેફ્ટીનો અભાવ છે ત્યાં કાર્યવાહી કરવામાં આવી રહી છે. ફાયર વિભાગને પણ કામગીરીમાં તકલીફ પડી રહી છે. ઘણીવાર એકમો અને સ્કૂલોને બીયુ પરમિશન પણ હોતી નથી.

ત્યારે હાઈકોર્ટે સરકારનો ઉધડો લેતાં પ્રશ્ન કર્યો હતો કે સરકારે ફાયર સેફ્ટી અંગે શું-શું કામગીરી કરી. ઘણી હોસ્પિટલો રેસિડેન્સમાં હોય છે તો સરકાર કેમ પરમિશન આપે છે. સરકાર ફાયર સેફ્ટીને લઈને મંથરગતિએ કામ કરી રહી છે. હાઈકોર્ટના નિર્દેશ મુજબ પગલાં લો. હાઈકોર્ટ એએમસી અને રાજ્ય સરકારને નિર્દેશ કર્યો હતો કે ફાયર એનઓસી અને બિયુ પરમીશન અંગે સચોટ પોલિસી બનાવવામાં આવે અને સમસ્યાનો નિકાલ કરો.

રાજયની મહાનગર પાલિકાએ હાઈકોર્ટ સમક્ષ વિસ્તૃત સોગંધનામું રજૂ કર્યું હતું. સ્કૂલ, કોલેજ, અને કોર્પોરેટ હાઉસમાં બિયુ પરિમિશન અને ફાયર સેફ્ટી

● અનુસંધાન પાન-૭ પર

# કોરોના સંક્રમણની સ્થિતિને ધ્યાને લઈ અમદાવાદની રથયાત્રાનો નિર્ણય લેવાશે

**રાજ્યના ગૃહમંત્રીએ જગન્નાથ મંદિરના મહંત અને ટ્રસ્ટી સાથે બંધ બારણે બેઠક : જળયાત્રા અંગે ચર્ચાનું અનુમાન**

અમદાવાદ,તા.૧૧

ચાલુ વર્ષે અષાઢી બીજના દિવસે અમદાવાદમાં રથયાત્રા યોજાય તેવા મત ધર્મધૂરંધરો રાખી રહ્યા છે. આ દરમિયાન આજે ગૃહમંત્રી પ્રદીપસિંહ જાડેજા ભગવાન જગન્નાથ મંદિરે દર્શન કરવા પહોંચ્યા હતા, અને ત્યારબાદ મંદિરના મહંત દિલિપદાસજી મહારાજ અને ટ્રસ્ટી વચ્ચે બંધ બારણે બેઠક પણ યોજાઈ હતી. જેમાં રથયાત્રા પહેલા જળયાત્રાને લઈને ચર્ચા કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. પ્રદીપસિંહ જાડેજાએ મીડિયા સાથેની વાતચીતમાં જણાવ્યું કે, કોરોના વાયરસનું સંક્રમણ ઓછું થતા મંદિર ખુલી ગયા છે અને કોરોનાની ગાઈડલાઈન પ્રમાણે જ ભક્તો મંદિરમાં દર્શન કરી શકે છે. આ અંગે મંદિરના મહંત અને ટ્રસ્ટી સાથે પણ વાત થઈ છે. રથયાત્રા અંગે સીએમ રૂપાણીએ આપેલા નિવેદન મુજબ કોરોનાની સ્થિતિને જોઈને નિર્ણય કરીશું પરંતુ જળયાત્રા પ્રોટોકોલ મુજબ થશે. આ અંગે જગન્નાથ મંદિરના મહંત દિલિપદાસજી મહારાજના જણાવ્યા અનુસાર કોરોના સંક્રમણને ધ્યાને રાખી રથયાત્રા અંગે નિર્ણય લેવાશે. મારી જ નહિં, પરંતુ બધાની લાગણી છે કે રથયાત્રા નીકળે. જો કે જળયાત્રામાં કોરોનાની ગાઈડલાઈનનું પાલન કરવામાં આવશે. જણાવી દઈએ કે, રથયાત્રા પહેલા જળયાત્રા યોજાય છે અને દર વર્ષે તો મોટી સંખ્યામાં સાધુ સંતો, ભક્તો જોડાતા હતા. ગત વર્ષે પણ કોરોનાને લીધે ખૂબ જ સાદાઈથી જળયાત્રાની વિધિ કરવામાં આવી હતી. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ જણાવ્યું કે, રથયાત્રાને લઈને સરકાર અત્યારે કોઈ જ નિર્ણય લેવા માગતી નથી. યોગ્ય સમયે રથયાત્રા અંગે નિર્ણય લેવામાં આવશે. કોરોનાની રફતાર ઘટી હોવાથી સરકારે દુકાનો અને વ્યાપારિક પ્રવૃતિઓ ચાલુ કરવાની છૂટછાટ આપવાની શરૂઆત કરી છે. આગામી દિવસોમાં વધુ સાવધાન રાખવી પડશે. પરિસ્થિતિ હવે પછીના દિવસોમાં કેવી કરવટ બદલે છે તે જોઈને જ રથયાત્રા અંગે નિર્ણય લેવામાં આવશે.

# ગ-૨ થી ખ-૨ વચ્ચે ફુટપાથમાં તોતિંગ ગાબડા

**સ્ટોર્મ વોટર લાઇનના યોગ્ય માટી પુરાણના અભાવે ફુટપાથ પર મોટો મસ ગાબડા જોવા મળી રહ્યા છે : સ્માર્ટ સીટીનો વોક વે પણ ગાબડાથી વંચિત નથી**

ગાંધીનગર તા ૧૧

શહેરના મુખ્યમાર્ગો આસપાસ કરોડોના ખર્ચે નિર્માણ કરેલી ફુટપાથના પૈસા પાણીમાં ગયા છે. સ્માર્ટ સીટીમાં અત્યાર સુધી માર્ગો પર ઘણીવાર મોટામસ ગાબડા જોવા મળતા હતા જયારે છેલ્લા બે વર્ષથી ફુટપાથ પણ ગાબડાગ્રસ્ત બની છે. કોર્પોરેશને હાથ ધરેલી સ્ટોર્મ વોટર લાઇનની ખોદકામગીરીના અંતે યોગ્ય માટી પુરાણ ન થતા હજુ પણ માટી પોલાણ થવાના લીધે ફુટપાથ પર મોતના કુવા જેવા દ્રશ્યો જોવા મળે છે. ગ-૨ થી ખ-૨ તરફ જવાના માર્ગ પર સ્થિત ફુટપાથ પર મોટુ મસ ગાબડુ ગમે ત્યારે જોખમી પુરવાર થાય તેવી દહેશત છે.

ગાંધીનગરમાં સ્માર્ટ સીટીના સ્વપ્નને સાકાર કરવા હાઈટેક વિકાસની સોહામણી યોજનાઓના અંતે સેકટરોમાં તંત્રના ભ્રષ્ટ વહીવટનો ચિતાર સામે આવે છે. જેના અંતે શહેરને સ્માર્ટ બનાવાનુ સ્વપ્ન રોળાઈ જતુ હોવાનુ પણ પ્રતિત થાય છે. શહેરના સેકટરોમાં ફુટપાથના નિર્માણ પાછળ કરોડો રૂપિયાનો તોતિંગ ખર્ચ કરવામાં આવ્યો છે. પરંતુ ફુટપાથની જાળવણી માટે કોઈ આયોજન થતુ નથી જેના લીધે જ સ્માર્ટ સીટીના વોક વે પણ રાહદારીઓ માટે અકસ્માતનુ કારણ બન્યા છે. કોઈ છેવાડાના ગામમાં પણ જોવા ન મળે તેવા દ્રશ્યો પાટનગરમાં આંખ સામે આવી રહ્યા છે. વિકાસ અને પારદર્શક વહીવટની વાતો વચ્ચે ગાંધીનગરના જાહેર સ્થળો પર મોટામસ ગાબડા જોવા મળી રહ્યા છે. માર્ગો પર અનેક વાર જોખમી સ્થિતિ જોવા મળે છે. જયારે કોર્પોરેશનના સ્ટોર્મ વોટર લાઈનની આડેધડ ખોદકામગીરી બાદ ફુટપાથ પણ હવે સ્માર્ટ લુકમાં જોવા મળી રહી છે. ફુટપાથ પર તોતિંગ ગાબડામાં વોકીંગ કરતો આખો માણસ અંદર ગરકાવ થઈ જાય તેવી સ્થિતિ છે. છતા તંત્રના અધિકારીઓ આ મામલે કોઈ કાર્યવાહી કરતા નથી. વરસાદી દિવસો નજીકમાં છે.



ત્યારે આ પરિસ્થિતિ વધુ ખરાબ બનશે. સેકટરોમાં કરોડોના ખર્ચે નિર્માણ કરાયેલી ફુટપાથ નાગરિકોના ઉપયોગ પુર્વે જ બિન ઉપયોગી બની છે. ફુટપાથની આ દશા જોઈને સ્થાનિકોમાં પણ આક્રોશ પ્રવર્તાયો છે. શહેરમાં છેલ્લા બે વર્ષથી અવારનવાર ફુટપાથ પર મોટા ખાડાઓ અસ્તિત્વમાં આવે છે. કેટલાક ઠેકાણે આખી ફુટપાથ બેસી ગઈ હોવાનુ પણ ધ્યાને આવે છે. સ્માર્ટ સીટીમાં હાઈટેક વિકાસની વાતો કરતા કોર્પોરેશનના તંત્ર પાસે કોઈ વિઝન ન હોવાનો રોષ પણ પ્રબળ બન્યો છે. નવા કામો કરવામાં શુરા કોર્પોરેશનને જાણે આમ નાગરિકોની સલામતી અને સુખાકારીની જરા પણ પરવા ન હોય તેવો રોષ પણ સ્થાનિકો ઠાલવી રહ્યા છે. ગ-૨ થી ખ-૨ તરફ જવાના માર્ગ પર ફુટપાથ પર અસ્તિત્વમાં આવેલુ ગાબડુ પુરવા માટે પણ ત્વરિત પગલા લેવાય તે અનિવાર્ય છે.

## જાહેર નોટીસ

આથી અમો અમારા અસીલ જીગર રમેશભાઈ પંચાલ, મૂળ રહેવાસી પંચાલ ફાર્મ, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, અગોરા મોલ પાસે, સુઘડ, જી. ગાંધીનગર- ૩૮૨૪૨૪, ભારતીય આધાર કાર્ડ નં. ૫૦૦૦ ૮૭૭૬ ૧૧૮૬, તથા હાલ રહેવાસી અમેરીકાની સૂચના અને ફરમાઈશથી આ જાહેર નોટીસ અન્વયે જાહેર જનતા તથા લાગતા વળગતાઓને જણાવીએ છીએ કે

અમારા અસીલે સી.નં. ૪૨૪, બુક નં. ૨. પેજ નં. ૫૭ તા. ૨૫-૧૧-૨૦૧૫ના રોજ ગીતાબેન બી. પટેલ- નોટરી દ્વારા કરેલ પાવર ઓફ એટર્ની આ જાહેર નોટીસ દ્વારા રદ કરવામાં આવે છે અને તેથી અમારા અસીલ જીગર રમેશભાઈ પંચાલની સદર પાવર ઓફ એટર્નીના લેટરમાં દર્શાવેલ તેમની માલિકીની સ્થાવર તેમજ જંગમ મીલકતો આ નોટીસના આધારે કેન્સલ યાને રદબાતલ કરીએ છીએ અને તે સંજોગોમાં કોઈપણ વ્યકિતએ, કે અન્ય કોઈ ઈસમોએ, કે કોઈ સંસ્થાઓએ આ પાવર ઓફ એટર્ની, લખાણ, કરારના આધારે કે કોઈપણ રીતે અમારા અસીલ જીગર રમેશભાઈ પંચાલની સ્થાવર તેમજ જંગમ મીલકત સબબ કોઈપણ પ્રકારના વ્યવહારો કરવા કરાવવા નહીં, અને તેમ છતાં જો તેવા પાવર ઓફ એટર્ની કે અન્ય કોઈ લખાણ, કરારના આધારે તેવા કોઈ વ્યવહારો થયેલ હશે તો તે અમારા અસીલને બંધનકર્તા રહેશે નહીં તેની જાહેર જનતાએ નોંધ લેવી.

અમદાવાદ. તા.૧૧-૦૬-૨૦૨૧

મારી મારફતે
(સહી) /- નિલેશ ભરતભાઈ શાહ, એડવોકેટ
૪૦૬, ઈલોરા કોમર્શિયલ સેન્ટર, રીલીફ સીનેમા પાછળ,
જી.પી.ઓ. સામે, રીલીફ રોડ, અમદાવાદ- ૩૮૦૦૦૧
મો.: ૭૦૧૬૯ ૯૦૬૫૨

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com